
# સા.વિજ્ઞાન



## ધોરણ-૬

**પ્રથમ સત્ર**

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જુલાઈ માસનું પાઠ આયોજન
## 1. ચાલો, ઈતિહાસ જાણીએ

**નિષ્પત્તિ :**

-ઈતિહાસ એટલે શું?

-ઐતિહાસિક તથા સાહિત્યિક સ્ત્રોતોને ઓળખી ઇતિહાસના પુન:નિર્માણ માટે વિવિધ સ્ત્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે.

-પ્રાચીન માનવ સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-ઈતિહાસ જાણવાના સ્ત્રોતો વિશેની ગીત દ્વારા સમજ

-ઈતિહાસ જાણવાના સ્ત્રોતો દર્શાવતાં સ્થળોની નકશા દ્વારા સમજ

-પ્રાચીન માનવ સંસ્કૃતિના લક્ષણોની ચિત્રો દ્વારા સમજ

**શૈક્ષણિક સાધન :**

-જૂનાં સિક્કા, ટિકિટો, ચલણી નોટો, જૂનો વાસણો, માટીનો રમકડો, આદિમાનવનાં સમયનાં ચિત્રો

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-ઈતિહાસ જાણવાના સ્ત્રોતોનું સ્વરચિત ગીત ગવડાવવું

-ઈતિહાસ જાણવાના સ્ત્રોતોનો ચાર્ટ બનાવવો

-માટીનાં રમકડાં બનાવવાં

-ઓજારો બનાવવાં

-જૂના સિક્કા તથા ટિકિટોનો સંગ્રહ કરાવવો

-તાડપત્રો, ભોજપત્રોના નમૂના બનાવવા

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

ગામની મુલાકાત -સ્વાધ્યાય ના પ્રશ્નોના જવાબ લખવા

**મૂલ્યાંકન :**

-જુના સિક્કા નો સંગ્રહ કરવો

## જુલાઈ માસનું પાઠ આયોજન
## ૭. આપણું ઘર પૃથ્વી

**નિષ્પત્તિ :**

-ગ્રહો, તારા અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે

-સૌરમંડળ અને તેનાં સભ્યોથી પરિચિત થશે

-પૃથ્વીને જીવ અસ્તિત્વ તથા વિવિધ કટિબંધોના સંદર્ભે વિશિષ્ટ અવકાશીય પદાર્થો તરીકે ઓળખે છે

**શૈક્ષણિક મુદ્દા :**

-ગ્રહો, તારા અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત સમજાવવા વિડીયો બતાવવા સૌરમંડળ અને તેનાં સભ્યોની નાટક દ્વારા સમજ આપવી

-સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની વિડીયો દ્વારા સમજ

-જુદા-જુદા અવકાશી પદાર્થોની વિડીયો તથા ચિત્રો દ્વારા તેમજ

**શૈક્ષણિક સાધન :**

સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણનો ચાર્ટ, પૃથ્વીની ગતિ દર્શાવતો ચાર્ટ

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-સૌરપરિવારના ગ્રહોનું નાટ્યીકરણ કરાવવું

-મુખ્ય અક્ષાંશવૃત્તો અને રેખાંશવૃત્તોનો આકૃતિ સહિતનો ચાર્ટ બનાવવો

-કટિબંધોની આકૃતિ દ્વારા સમજ

-પૃથ્વીની ગતિ દર્શાવતો ચાર્ટ બનાવવો

-સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની વિડીયો દ્વારા સમજ

-દિવસ-રાતની આકૃતિ દ્વારા સમજ આપતી ચાર્ટ બનાવવો

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

-સૌરમંડળ પ્રોજેક્ટ

**મૂલ્યાંકન :**

-પૃથ્વીની ગતિની આકૃતિ દોરવી

-સૂર્ય ગ્રહણ અને ચંદ્ર ગ્રહણ ની આકૃતિ દોરવી.

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 2. આદિમાનવ થી સ્થાયી જીવનની સફર

**નિષ્પત્તિ :**

-પ્રાચીન માનવ સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોની ઓળખ મેળવી પ્રાચીન માનવ સંસ્કૃતિના વિકાસની સમજ કેળવશે

-પ્રાચીન સમય દરમિયાન માનવ વિકાસનાં તબક્કાઓ સમજી શકે છે

-માનવ વિકાસના શિકારનો તબક્કો અને ખેતીની શરૂઆતનો તબકકો સમજી મેળવી બે પ્રદેશના વિકા સની સરખામણી કરી શકશે.

**શૈક્ષણિક મુદ્દા :**

-પ્રાચીન સમય દરમિયાન માનવનો વિકાસ કેવી રીત થયો તેના તબક્ક વિશે ચિત્રો દ્વારા સમજ.

-શિકારની તથા ખેતીની સમજ આપવા માટે બાળકોને યુ - ટ્યુબ વિડીયો બતાવવા

-આદિમાનવના જીવન આધારિત ચિત્રો એકત્ર કરવી તેની બાળકો વચ્ચે ચર્ચા તથા બીજાનું જીવન અને પ્રાચીન જીવન વિશેની તુલના કરાવવી

**શૈક્ષણિક સાધન :**

આદિમાનવનો ચિત્રો, આદિમાનવનાં જીવનની માહિતીનો ગ્રંથ, ભારતનો નકશો

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-પાષાણયુગનો હથિયારો બનાવવો

-પુરાતન સ્થળો અને મળી આવેલ અવશેષોની યાદી બનાવવી

-મેહરગઢ નગરની માટીમાં રચના કરાવવી

-આદિમાનવના જીવનનું નાટક કરાવવું

-આદિમાનવનાં જીવન, હથિયારો, માટીનાં વાસણો, શિકાર વગેરેની વિડીયો દ્વારા સમજ

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

-ગુફાઓનો પ્રવાસ

**મૂલ્યાંકન :**

-ખાલી જગ્યા પૂરો

-વિકલ્પ વાળા પ્રશ્નોના જવાબ આપો

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## 14. વિવિધતામાં એકતા

**નિષ્પત્તિ :**

-પ્રાચીન કાળના વિવિધ ધર્મોના વિચાર અને મૂલ્યોનું વિશ્લેષણ કરે છે

-પોતાની આસપાસનાં માનવીય વિવિધતાનો સ્વરૂપો વર્ણવે છે

-વિવિધ ધર્મોની બાબતોની સમજ મેળવશે

-માનવીય વિવિધતાઓથી પરિચિત થશે

-પોતાની આસપાસની વિવિધતા તરફ સ્વસ્થ વલણ વિકસાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-વિવિધ ધર્મોની ચિત્રો તથા ચાર્ટ દ્વારા સમજ

-હિન્દ દેશ કે નિવાસી ગીતનાં ગાન દ્વારા વિવિધતામાં એકતાની સમજ

-માનવીય વિવિધતાની ચિત્રો તથા વિડીયો દ્વારા સમજ

-વિવિધ ધર્મોની પાત્રો પરિચય દ્વારા સમજ

**શૈક્ષણિક સાધન :**

-ભારતનાં લોકનૃત્યોનો ચાર્ટ, ભારતનાં તહેવારોનાં ચિત્રો, વિવિધ ધર્મોની માહિતીનો ગ્રંથ, ભારતનો નકશો

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-"હમ પંજાબી, હમ ગુજરાતી" ગીતનું અભિનય સાથે ગાન કરાવીશ

-ભારતનાં રાજ્યોના લોકનૃત્યોનો ચિત્ર ચાર્ટ બનાવવો

-'હિન્દ દેશ કે નિવાસી' ગીતનું સમૂહગાન કરાવવું

-ભારતનાં તહેવારોની યાદી બનાવવી

-ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં પ્રતિજ્ઞાપત્રની રજૂઆત કરાવવી -

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

કેલેન્ડર

**મૂલ્યાંકન :**

-સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબ લખો.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 3. પ્રાચીન નગરો અને ગ્રંથો

**નિષ્પત્તિ :**

-પ્રાચીન માનવ સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે

-પ્રાચીન સમય દરમિયાન વિકાસના તબક્કામાં સિંધુ ખીણની સંસ્કૃતિનાં પ્રારંભિક નગરો વિશે સમજ મેળવી તેના વિશે સમજી શકશે

**શૈક્ષણિક મુદ્દા :**

-પ્રાચીન માનવ સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો વિશેની વિવિધ ફોટા બતાવી ચર્ચા

-સિંધુ ખીણની સંસ્કૃતિનાં પ્રાચીન નગરો ભારતનાં નકશામાં દર્શાવવાં

-સિંધુ ખીણનાં પ્રાચીન નગરો તથા આજનાં નગરો વિશે તુલના કરાવી પ્રશ્નોત્તરી કરાવવી

**શૈક્ષણિક સાધન :**

ઋગ્વેદનો ચાર્ટ, દુનિયાનો નકશો, માટીનાં રમકડા

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-હડપ્પા અને મોંહે - જો - દડો નગરોની માટીમાં રચના કરાવવી

-માટીનાં રમકડાં બનાવવાં

-હડપ્પીય સંસ્કૃતિનાં સ્થળોનું નકશામાં નિદર્શન તથા યાદી બનાવવી

-વેદોના પપેટ બનાવવા

-ઋગ્વેદની માહિતીનો ચાર્ટ બનાવવો

-ઇન્ટરનેટની મદદથી પ્રાચીન સંસ્કૃતિનાં ફોટા બતાવવા.

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

-સિંધુ ખીણની સંસ્કૃતિનો કોઈ એક નગરની મુલાકાતે

**મૂલ્યાંકન :**

-વિકલ્પ વાળા પ્રશ્નોના જવાબ લખો.

-આપના પ્રાચીન ગ્રંથોના નામ લખો.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 10. પૃથ્વીનાં આવરણો

**નિષ્પત્તિ :**

-પૃથ્વીનો ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતનાં પડોશી દેશો, ભારતનાં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે

-પૃથ્વીનાં આવરણો જેવા કે, મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણની સમજ મેળવી તેની વિશેષ બાબતોથી પરિચિત થશે.

**શૈક્ષણિક મુદ્દા :**

-દુનિયાના નકશા દ્વારા અક્ષાંશ-રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પડોશી દેશો, રાજ્યો વગેરેની સમજ તથા ચર્ચા

-મૃદાવરણની ચિત્ર દ્વારા સમજ
-જલાવરણની વિડીયો દ્વારા સમજ
-વાતાવરણની આકૃતિ દ્વારા સમજ
-જીવાવરણની ચિત્ર દ્વારા સમજ

**શૈક્ષણિક સાધન :**

-દરેક આવરણ વિશેનાં ચિત્રો તથા ચાર્ટ

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-મૃદાવરણનો ચિત્રાત્મક ચાર્ટ બનાવી તેની સમજ

-જલાવરણની વિવિધ વિડીયો દ્વારા સમજ

-વાતાવરણ અને તેનાં વાયુઓ તથા તેનું પ્રદૂષણ અટકાવવાના ઉપાયો વિશે ચર્ચા

-જીવાવરણની ચિત્ર દ્વારા સમજ અને ચર્ચા

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

-સૂર્ય મંડળની પ્રવુત્તિ

**મૂલ્યાંકન :**

-સૌર પરિવાર ની આકૃતિ

-સ્વાધ્યાયની પ્રશ્નોત્તરી

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન
## 4. ભારતની પ્રારંભિક રાજ્ય વ્યવસ્થા

**નિષ્પત્તિ :**

-મહત્વનો રાજ્યો અને રાજવંશોના નોંધપાત્ર યોગદાનની યાદી બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-16 મહાજનપદો અને તેની રાજધાની વિશેની ચર્ચા

-રાજાશાહી અને લોકશાહી વિશેનો અને તુલના કરાવવી

**શૈક્ષણિક સાધન :**

મહાજનપદોનો ચાર્ટ, ભારતનો નકશો

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-16 મહાજનપદોનો ચાર્ટ તૈયાર કરાવવો

-રાજાશાહી અને ગણરાજ્યોની રાજ્યવ્યવસ્થાનો તફાવત દર્શાવતું નાટક કરાવવું

-મગધના વેશોના પપેટ બનાવવા

**મૂલ્યાંકન :**

-પાઠનું વાંચન કરવું.

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન
## 15. સરકાર

**નિષ્પત્તિ :**

-સરકારની ભૂમિકાનું વર્ણન કરે છે

-સરકારની ભૂમિકાનું વર્ણન કરી સરકારના વિવિધ સ્તરોથી પરિચિત થશે.

-સરકારના વિવિધ સ્તર સ્થાનિક, રાજ્યો અને સંઘને ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

-સરકારની ભૂમિકાની ચર્ચા દ્વારા સમજ
-સરકારના વિવિધ સ્તરોની ચાર્ટ દ્વારા સમજ
-સરકારનાં વિવિધ સ્તરોની આકૃતિ દ્વારા સમજ

**શૈક્ષણિક સાધન :**

વર્તમાન પત્રોના કટિંગ્સ

**શિક્ષક–વિદ્યાર્થીની પ્રવુત્તિ :**

-વર્તમાનપત્રોમાં 'સરકાર' વિશેનાં સમચારના કટિંગ્સનો ચાર્ટ બનાવવો.

-સરકારના પ્રકારોનો તુલનાત્મક અભ્યાસ કરાવવો

-સરકારના અંગો અને તેનાં કાર્યો અંગેની ચાર્ટ દ્વારા સમજ

**રમત/પ્રોજેક્ટ/પ્રવુત્તિ :**

-વર્તમાન પત્રો બતાવવા

**મૂલ્યાંકન :**

-દૈનિક સમાચાર કટિંગ કરવા

-ખાલી જગ્યા પૂરો